ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ક્રમાંક: **WCDD/AMR/e-file/23/2022/0814/B1**

સચિવાલય, ગાંધીનગર.

ચાદી:

નામદાર સુપ્રિમ કોર્ટના તા.૨૫/૦૪/૨૦૨૨ના ચુકાદાથી આંગણવાડી કાર્યકરો તથા આંગણવાડી તેડાગરોના કિસ્સામાં પેમેંટ ઓફ ગ્રેજ્યુટી એક્ટ, ૧૯૭૨ લાગુ પાડીને એ અનુસાર ગ્રેજ્યુટી ચુકવવા આદેશ કરેલ હતો તે અનુસંધાને વિભાગે તા.૦૬/૦૨/૨૦૨૩ના ઠરાવથી નામ. સુપ્રીમ કોર્ટના ઉક્ત ચુકાદાની અવમાનના ન થાય તે માટે મંજુરી આપવામાં આવેલ હતી.

નામ. સુપ્રીમ કોર્ટના ઉક્ત ચુકાદા અને વિભાગના તા.૦૬/૦૨/૨૦૨૩ના ઠરાવ અનુસાર પેમેંટ ઓફ ગ્રેજ્યુટી એક્ટ, ૧૯૭૨ મુજબ નિયત સમય મર્યાદામાં આંગણવાડી કાર્યકરો તથા આંગણવાડી તેડાગરોને ગ્રેજ્યુટીની લાભોની ચુકવણી કરવાની કાર્યવાહી સુચારુ અને સમયમર્યાદામાં પાલન થઇ શકે તે માટે નીચે મુજબના અધિકારીને નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવે છે:

| ક્રમ | નોડલ અધિકારીશ્રીનો હોદ્દો અને કચેરીનું નામ | ઓફીસનો ટેલીફોન નંબર | ઇ-મેઇલ એડ્રેસ |
|---|---|---|---|
| ૧ | મદદનીશ<br>નિયામકશ્રી (વહિવટ), આઇસીડીએસ, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી | ૦૭૯-૨૩૨- ૫૫૭૮૦ | **Ad-admin-icds@gujarat.gov.in** |

(ડો.જસ્મીન હસરત)

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ રવાના:-

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નાયબ નિયામકશ્રી, વિભાગીય નાયબ નિયામકશ્રી કચેરી, આઇસીડીએસ, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ.
4. તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ........
5. તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, મહાનગરપાલિકા,..........
6. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવા સારુ
7. શાખા સિલેક્ટ ફાઇલ.